RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૭૯ તા.૧૭–૧૨–૧૧
અપીલ નં.૪૯૨,૪૯૩ તા.૧૫–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રીમતી લતાબેન બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી લતાબેન બ્રહમભટ્ટની તા. ૯–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પાલનપુર પાટીયા, રાંદેર રોડ,કેનાલ રોડ,રબારી વસાહતમાં મેનાબહેન પ્રહલાદગીરી વસવાટ કરતા હતા. તેમનો હયાત ઝુંપડા નંબર–૧૫૭/૧, આપવામાં આવ્યો હતો. આ રબારી વસાહત કેનાલ રોડ ઉપરથી ઝુંપડા હટાવી સુરત મહાનગરપાલિકા વેસ્ટઝોન તરફથી સાઈટ એન્ડ.સર્વિસ. જહાંગીરાબાદ, ઉગતમાં ૧૨×૧૫ના પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. તા.૨૨–૦૧–૦૭ ના રોજ કેનાલ રોડ રબારી વસાહતમાંથી મેનાબહેન પ્રહલાદગીરીનું ઝુંપડું હટાવવામાં આવ્યું હતું જેનો હયાત ઝુંપડા નંબર ૧૫૭/૧ હતો આ મેનાબહેન પ્રહલાદગીરીને વેસ્ટઝોન શહેર વિકાસ અધિકારી તરફથી જહાંગીરાબાદ સાઈટ એન્ડ સર્વિસ ઝુંપડપટ્ટીમાં પ્લોટ ફાળવવામાં આવ્યો હતો આ પ્લોટ નં.૪૨૩ ફાળવવામાં આવ્યો છે. જે હાલે પણ આ પ્લોટ નં. ૪૨૩માં મૂળ માલિક મેનાબહેન પ્રહલાદગીરી રહે છે છતાં પણ વર્ષ–૨૦૦૮ થી વર્ષ–૨૦૧૧ સુધી અત્યાર સુધી સુરત મહાનગરપાલિકાના વેરાબીલમાં ત્રાહિત વ્યકિત ઉતમ પરસેનું નામ લખીને આવે છે. જે વેરાબીલમાં મેનાબહેન પ્રહલાદગીરીનું નામ આવવું જોઈએ તેના બદલે પ્લોટ નં.૪૨૩માં ત્રાહિત વ્યકિત ઉતમ પરસેનું નામ શા માટે આવ્યું ? કયાં કારણોસર ? વિ.માહિતી મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબત.**

સંદર્ભ :–(૧)અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૯/૨૦૧૧–૧૨
(૨) અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧૨–૧૧ની **SMC/FAP/** નં.૪૯૨, ૪૯૩ /૨૦૧૧–૧૨

શ્રીમતી લતાબેન બ્રહમભટ્ટની તા. ૯–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પાલનપુર પાટીયા, રાંદેર રોડ,કેનાલ રોડ,રબારી વસાહતમાં મેનાબહેન પ્રહલાદગીરી વસવાટ કરતા હતા. તેમનો હયાત ઝુંપડા નંબર–૧૫૭/૧, આપવામાં આવ્યો હતો. આ રબારી વસાહત કેનાલ રોડ ઉપરથી ઝુંપડા હટાવી સુરત મહાનગરપાલિકા વેસ્ટઝોન તરફથી સાઈટ એન્ડ.સર્વિસ. જહાંગીરાબાદ, ઉગતમાં ૧૨×૧૫ના પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. તા.૨૨–૦૧–૦૭ ના રોજ કેનાલ રોડ રબારી વસાહતમાંથી મેનાબહેન પ્રહલાદગીરીનું ઝુંપડું હટાવવામાં આવ્યું હતું જેનો હયાત ઝુંપડા નંબર ૧૫૭/૧ હતો આ મેનાબહેન પ્રહલાદગીરીને વેસ્ટઝોન શહેર વિકાસ અધિકારી તરફથી જહાંગીરાબાદ સાઈટ એન્ડ સર્વિસ ઝુંપડપટ્ટીમાં પ્લોટ ફાળવવામાં આવ્યો હતો આ પ્લોટ નં.૪૨૩ ફાળવવામાં આવ્યો છે. જે હાલે પણ આ પ્લોટ નં. ૪૨૩માં મૂળ માલિક મેનાબહેન પ્રહલાદગીરી રહે છે છતાં પણ વર્ષ–૨૦૦૮ થી વર્ષ–૨૦૧૧ સુધી અત્યાર સુધી સુરત મહાનગરપાલિકાના વેરાબીલમાં ત્રાહિત વ્યકિત ઉતમ પરસેનું નામ લખીને આવે છે. જે વેરાબીલમાં મેનાબહેન પ્રહલાદગીરીનું નામ આવવું જોઈએ તેના બદલે પ્લોટ નં.૪૨૩માં ત્રાહિત વ્યકિત ઉતમ પરસેનું નામ શા માટે આવ્યું ? કયાં કારણોસર ? વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે માંગણી મુજબની માહિતી આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૨–૧૧ તથા ૨૧–૧૨–૧૧ ના રોજ સંદર્ભ પત્રોથી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ડે.ઈજનેરે ફાળવેલ ૪૨૩ની રસીદ તથા શહેર વિકાસના પત્રકમાં ફાળવણી નામની વિસંગતતા અંગે હકીકત સ્પષ્ટ કરવા તથા આકારણી દફતરે કયા પુરાવા આધારે દાખલ થયું તે નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૩ તા.૨૯–૧૨–૧૧ થી** ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને મેનાબેને ૪૨૩ ફાળવેલ સાઈટ એન્ડ સર્વિસનો કબજો Possession મેળવ્યાના કોઈ આધાર હોય તો તે રજૂ કરવા તથા માંગેલ માહિતીની દફતરી નકલો આપવા છતાં નારાજગી અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૯૦૪ તા.૫–૧–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ , અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૯૫ તા.૨૮–૧૧–૧૧ ના પત્રની નકલ, ટેના નં.૩૮એ–૯૧–૧૮૧૬–૦–૦૦૦ સ્થાવર મિલ્કત ટાંચમાં લેવા બદલના હુકમની નકલ, નોંધ વિભાગ, શહેર વિકાસ વિભાગ રાંદેરઝોન તરફથી ફાળવેલ પ્લોટની યાદીની નકલ, અરજદારને માહિતીની નકલ મળ્યા અંગેની પહોંચની નકલ અત્રે મળેલ છે.

જયારે અરજદાર તરફથી તા.૧૩–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારે સરખા વિષય વસ્તુ અંગે શ્રી નિતીન બ્રહમભટ્ટની તા.૧૦–૧–૧૨ ની અરજી બાબતેની પૂરક વિગતોમાં જેની મુળ અરજી, જેની ફી ભર્યાની વિગત , સેન્ટ્રલઝોન ધ્વારા કાર્યપાલક ઈજનેર રાંદેરઝોનને તબદીલ કર્યા અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક / ૧૯૭૮ તા.૧૧–૧–૧૨ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને અન્ય અરજી તા.૧૧–૧–૧૨ ની સંદર્ભે આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૫૫ તા.૦૭–૦૨–૧૨ ના પત્રની નકલ, કેનાલ રોડ રબારી વસાહત ઝુંપડા નં.૧૫૭/૧ રાંદેરઝોનના સ્લીપની નકલ, ગીરી મેનાબહેનની ચૂંટણી કાર્ડની તથા એપીએલ–૧ રેશન કાર્ડની નકલ, તથા તા.૭–૧–૧૨ ના રોજ શહેર વિકાસ અધિકારી રાંદેરઝોનને નામ ચઢાવવા અંગે કરેલ અરજીની નકલ, લતાબેન બ્રહમભટ્ટ તરફથી ઝોનલચીફ અધિકારી તા.૧–૨–૧૨ ના રોજ નામ ચઢાવવા અંગે કરેલ અરજીની નકલ તથા પ્લોટ નં.૪૨૩ ના ૨૦૧૧–૧૧ ના ટાંચમાં લેવા બદલના હુકમની નકલ અત્રે રજૂ કરેલ છે. અરજદારે રાંદેરઝોનના ડે. ઈજનેરશ્રીની સહી ધરાવતા ૨૩–૧–૦૭ જેવી તારીખ વંચાતા તથા મેનાબેનનું નામ દર્શાવી ઝુંપડા નંબર ૧૫૭/૧ સામે ફાળવેલ સ્થળ ૪૨૩ નંબર જણાવતી સ્લીપની નકલ રજૂ કરેલ છે જેને આધાર બનાવી રજૂઆત કરેલ જણાય છે.

અરજદારની તા.૦૯–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગતી અરજી શહેર વિકાસ અધિકારી,જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૬૭ તા.૧૧–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૭૯૫ તા.૨૮–૧૧–૧૧ થી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં.(૧) પાલનપુર પાટીયા, રાંદેર રોડ,કેનાલ રોડ,રબારી વસાહતમાં મેનાબહેન પ્રહલાદગીરી વસવાટ કરતા હતા. તેમનો હયાત ઝુંપડા નંબર–૧૫૭/૧, આપવામાં આવ્યો હતો. આ રબારી વસાહત કેનાલ રોડ ઉપરથી ઝુંપડા હટાવી સુરત મહાનગરપાલિકા વેસ્ટઝોન તરફથી સાઈટ એન્ડ.સર્વિસ. જહાંગીરાબાદ, ઉગતમાં ૧૨×૧૫ના પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. તા.૨૨–૦૧–૦૭ ના રોજ કેનાલ રોડ રબારી વસાહતમાંથી મેનાબહેન પ્રહલાદગીરીનું ઝુંપડું હટાવવામાં આવ્યું હતું જેનો હયાત ઝુંપડા નંબર ૧૫૭/૧ હતો આ મેનાબહેન પ્રહલાદગીરીને વેસ્ટઝોન શહેર વિકાસ અધિકારી તરફથી જહાંગીરાબાદ સાઈટ એન્ડ સર્વિસ ઝુંપડપટ્ટીમાં પ્લોટ ફાળવવામાં આવ્યો હતો આ પ્લોટ નં.૪૨૩ ફાળવવામાં આવ્યો છે. જે હાલે પણ આ પ્લોટ નં. ૪૨૩માં મૂળ માલિક મેનાબહેન પ્રહલાદગીરી રહે છે છતાં પણ વર્ષ–૨૦૦૮ થી વર્ષ–૨૦૧૧ સુધી અત્યાર સુધી સુરત મહાનગરપાલિકાના વેરાબીલમાં ત્રાહિત વ્યકિત ઉતમ પરસેનું નામ લખીને આવે છે. જે વેરાબીલમાં મેનાબહેન પ્રહલાદગીરીનું નામ આવવું જોઈએ તેના બદલે પ્લોટ નં.૪૨૩માં ત્રાહિત વ્યકિત ઉતમ પરસેનું નામ શા માટે આવ્યું ? કયાં કારણોસર ?પ્લોટ નં.૪૨૩ માં ત્રાહિત વ્યકિતનું નામ વેરાબીલમાં દાખલ કેવી રીતે કર્યુ? શા માટે કર્યુ? તથા આ નામ ચઢાવનાર અધિકારી કોણ તથા કયા પુરાવાના આધારે નામ વેરાબીલમાં ચઢાવ્યું તથા કોની મંજુરીથી આ કામ કરવામાં આવ્યું કયા કારણસર મેનાબહેન પ્રહલાદગીરીનું નામ વેરાબીલમાં ચઢાવવામાં આવતું નથી જેનો લેખિતમાં ખુલાસો કરવો તથા લેખિતમાં જવાબ આપવો. આ સાથે પ્લોટ નં.૪૨૩ ઉત્તમ પરસેના નામનું વેરાબીલની ઝેરોક્ષ પ્રમાણિત કરેલ નકલ તથા મેના બહેનના પ્રહલાદગીરીને ફાળવવામાં આવેલ પ્લોટ નંબર ૪૨૩ જે ડે. ઈજનેર પશ્ચિમઝોન સુરત મહાનગરપાલિકાને આપેલ કાર્ડની ઝેરોક્ષ પ્રમાણિત કરેલ નકલ આ સાથે સામેલ કરું છું. નોંધ નં.૩૮એ સાઈડ એન્ડ સર્વીસ પ્લોટ નં.૪૨૩ મેનાબહેન પ્રહલાદગીરીનું નામ આવવું જોઈએ તેના બદલે ત્રાહિત વ્યકિત ઉત્તમ પરસેનું નામ કયા કારણસર ચઢાવવામાં આવ્યું તેનો લેખિત ખુલાસો પુરાવા સાથે પ્રમાણિત કરેલ નકલ આપવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ માહિતી અંગે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માહિતીની નકલ પાના

નંગ–૦૪ ના રૂા.૨/– પ્રમાણે રૂા.૮/– નકલ ચાર્જીસ ભર્યેથી નકલો રાંદેરઝોન કચેરીએથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૯૮૮૪૩ તા.૧–૧૨–૧૧ ના રોજ ભરી નકલ મળ્યાની સહી ની પહોંચ જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ છે તેમજ પૂરક વિગતોમાં પણ જણાવેલ છે. આમ અરજદારે પશ્ચિમઝોનના એલોર્ટમેન્ટ પ્લોટ નંબરની યાદી આકારણીનું સુધારેલ ફોર્મ–બ તેમજ નોંધ વિભાગની માહિતી મેળવેલ છે. જે અંગે અરજદારે માંગેલ માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૭–૧૨–૧૧ થી અપીલ અરજી કરેલ છે. જે અંત્રે અપીલ નં.૪૭૯ થી નોંધાયેલ છે. ત્યાર બાદ અરજદારે તે અરજી બાબતે તા.૨૧–૧૨–૧૧ ના રોજ ડે.કમિ. અને અપીલ અધિકારી વેસ્ટઝોન રાંદેરને સંબોધતી અપીલ અરજી કરેલ. જેને અપીલ નં.૪૯૨ તથા મ્યુ. કમિ.શ્રી અને અપીલ અધિકારી ને કરેલ અરજીને અપીલ નં.૪૯૩ આપેલ છે ત્રણેય અપીલ અરજીમાં એકજ સરખી વિગત જણાવેલ છે જેમાં માંગ્યા મુજબની માહિતી મળેલ નથી તથા ઉત્તમભાઈ પરસેનું નામ શા માટે આવ્યું? કયા કારણસર? આ ત્રાહિત વ્યકિતનું નામ વેરાબીલમાં નામ દાખલ કેવી રીતે થયુ? શા માટે કર્યુ? નામ ચઢાવનાર અધિકારી કોણ? તથા કયા પુરાવાના આધારે નામ વેરાબીલમાં ચઢાવ્યું તથા કોની મંજુરીથી આ કામ કરવામાં આવ્યુ? કયા કારણસર? મેનાબેન પ્રહલાદભાઈનું નામ વેરાબીલમાં ચઢાવવામાં આવેલ નથી વિ. પ્રશ્નો અપીલ તબકકે રજૂ કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતીની યાદીમાં ઉત્તમભાઈ પરસેનું નામ પ્લોટ નં.૪૨૩ માં હોવાનું જણાવેલ છે તથા તે અંગે સુધારેલ આકારણી ફોર્મ–બ માં પણ ઉત્તમભાઈ પરસેનું નામ હોવાનું જણાય છે. જે તા.૧–૧–૦૬ થી આકારણી થયેલ છે અને જેનો ટેના નં.૩૮એ–૯૧–૧૮૧૬–૦–૦૦૧ છે. તેમજ અરજદારને પૂરી પાડવામાં આવેલ નોંધ વિભાગમાં જાહેર માહિતી અધિકારીએ શહેર વિકાસ ખાતા રાંદેરઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ યાદીના છેવટના પાના નં.૩૧ ની નકલ આસી. ઈજનેર શહેર વિકાસ અધિકારી રાંદેર એ પૂરી પાડેલ છે. વધુમાં સ્થળ તપાસ દરમ્યાન જે ઈસમો/વ્યકિતનો કબ્જો માલુમ પડેલ જેમાં કેટલાકના નામોમાં ફેરફાર માલુમ પડેલ છેજેથી લીસ્ટમાં જે વ્યકિતઓને મહાનગરપાલિકાએ પ્લોટ ફાળવવામાં આવેલ છે તે બાબતે યોગ્ય પુરાવા લીસ્ટ મુજબના લીસ્ટમાં સામેલ નામો વાળા ઈસમોને જ પ્લોટો ફાળવવામાં આવેલ છે. જે અંગે ચોકસાઈ/ખરાઈ જમીન મિલ્કત ખાતાના સબંધિત કર્મ/એન્જી. પાસે કરાવવી મહાનગરપાલિકાના હિતમાં જણાય છે. જે મુજબ સક્ષમ ઈજનેરની સહી સીકકાવાળું લીસ્ટ મોકલવા આકારણી વિભાગે જણાવેલ જેથી કોઈ વહીવટી મુશ્કેલી કે ગુંચ ઉભી થાય નહીં અને જે વ્યકિતઓને મહાનગરપાલિકાએ પ્લોટ ફાળવેલ હોય એ વ્યકિતઓના નામો જ કરપાત્ર વ્યકિત તરીકે દાખલ થાય તેવું પણ જણાવેલ છે. જે રીપોર્ટ ધ્યાને લઈ મનપા ધ્વારા પ્લોટ ફાળવવામાં આવેલ હોય તે વ્યકિતઓના નામો જ કરપાત્ર વ્યકિત તરીકેના નામો દાખલ કરવાના રહે. તેવું જણાવેલ છે. આમ અરજદારનું પ્લોટ ફાળવણીની અંદર તેઓનું નામ પ્લોટ નં.૪૨૩ સામે ફાળવેલ નથી પરંતુ ઉત્તમભાઈ પરસેનું નામ ફાળવેલ છે અને આથી તેમનું નામ આકારણી દફતરે ચઢાવેલ જણાય છે. આમ અરજદારને આકારણી સંદર્ભે તેઓએ માંગેલ માહિતીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતીમાં પ્લોટ નં.૪૨૩ માં ત્રાહિત વ્યકિત ઉત્તમભાઈ પરસેનું કયા કારણોસર તથા વેરાબીલમાં દાખલ કેવી રીતે કર્યુ અને શા માટે કર્યુ ? તેની માહિતીનો સમાવેશ થયેલ છે . વધુમાં નામ ચઢાવેલ અધિકારીનુ નામ નોંધ વિભાગમાં સર્વેયર હેડલાર્ક ,એઆરઓ, કાર્યપાલક ઈજનેર વિ. ની સહી સાથેનો નોંધ રીપોર્ટ પણ પૂરો પાડવામાં આવેલ છે. આમ અરજદઢ ારને માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે.

મુદ્દા નં.(૨) ઉગત સાઈટ એન્ડ સર્વીસ જહાંગીરાબાદ પ્લોટ નં.૪૬૪,૪૬૫,૪૬૬,૪૬૭ આ નંબરના પ્લોટ ફાળવવામાં આવ્યા છે કે નથી આ પ્લોટની ફાળવણી કરવી હોય તો તે તમામ પ્લોટ ધારકોના નામ નંબર સાથે પ્લોટ ફાળવણીના મહત્વના દસ્તાવેજ કયા કયા પુરાવાના આધારે પ્લોટ ફાળવ્યા આ ઈસમો પહેલા કયા સ્થળે રહેતા હતા ત્યાંનો હયાત ઝુંપડા નંબર કયો હતો હાલે ફાળવેલ પ્લોટની તમામ દસ્તાવેજ કયા કયા દસ્તાવેજના આધારે પ્લોટ ફાળવ્યો તેની તમામ દસ્તાવેજો લેખિતમાં પ્રમાણિત કરેલ નકલ આપવી. ઉગત સાઈટ એન્ડ સર્વીસમાં પ્લોટ ફાળવ્યા હોય તો કઈ તારીખે વર્ષ સાથે વિગતવાર લેખિતમાં જવાબ આપવો. કયા ઈસમને કયા નંબરનો પ્લોટ ફાળવ્યો તથા કયા કયા પુરાવાના આધારે પ્લોટ ફાળવ્યા તેમના ફોટા સાથે તમામ પુરાવા આપવા જવાબ લેખિતમાં પ્રમાણિત કરેલ નકલ સાથે આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ઉગત સાઈટ એન્ડ સર્વીસ જહાંગીરાબાદ પ્લોટ નં.૪૬૪,૪૬૫,૪૬૬,૪૬૭, નંબરના પ્લોટસુરત મહાનગરપાલિકા ધ્વારા ફાળવણી કરવામાં આવેલ જણાતા નથી. વધુમાં આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે.

આમ અરજદારને મુદ્દા નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીતલક્ષી માહિતી નોંધ વિભાગની નકલો સહિત પૂરી પાડવામાં આવેલ છે અને જે અરજદારે મેળવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. વધુમાં અરજદારે પ્લોટ નં.૪૨૩ ના મુળ માલિક મેનાબેન પ્રહલાદગીરી હોવાની ફરીયાદ તકરાર નિવારણને લગતી બાબત છે. જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. વધુમાં અરજદારે પ્લોટ નં.૪૨૩ ના મુળ માલિક મેનાબેન પ્રહલાદગીરી હોવા બાબતની ફરીયાદ તકરાર નિવારણને લગતો પ્રશ્ન હોઈ સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતી લતાબેન બ્રહ્મભટ્ટ